# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય

☎ :૦૭૯: ૨૩૨૫૪૫૦૬ (ઓ), ૨૩૨૫૪૩૭૭ (અં), ૨૩૨૫૯૭૬૦ (ફેક્સ), ૧૦૫૪૩૭૭ (GSWAN)
e-mail Address : jtdiradm-dat@gujarat.gov.in

"વીમા અને લેખા ભવન"
બ્લોક નં.૧૭, ડૉ..જીવરાજ મહેતા ભવન સંકુલ,
સેક્ટર–૧૦/બી, ગાંધીનગર–૩૮૨૦૧૦.

નંબર : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/અધિકારપત્ર/ 3699 4/4003 તારીખ : ૦૯–૦૫–૨૦૦૭.

વિષય:– પગાર અને હિસાબી અધિકારીઓની કચેરી તથા જિલ્લા તિજોરી કચેરીઓમાં ચુકવણા અન્વયે વર્ગીકરણ કોમ્પ્યુટરાઈઝેશન–નાણાં વિભાગને માહિતી આપવા બાબત.

**:: પ રિ પ ત્ર – ૧૩/૨૦૦૭ ::–**

રાજયની સાધનોપાય સ્થિતિનું યોગ્ય વ્યવસ્થાપન તેમજ તેની તરલતા જળવાઈ રહે તે હેતુ માટે મંજૂર થયેલ ગ્રાન્ટના નાણાંના ઉપાડ ઉપર જરૂરી અંકુશ રાખવાના હેતુથી નાણાં વિભાગ પાસેથી અધિકારપત્ર/ઓથોરીટી લેટર મેળવવાની પ્રથા હાલ અમલમાં છે. અને તે મુજબ રાજ્ય સરકારની પ્રવર્તમાન સુચનાઓ અનુસાર રૂા.૧/– લાખ સુધીના આયોજન/આયોજન બહારની ગ્રાન્ટના બીલોના તથા L.O.C. Cheques માટે રૂા.૨૫,૦૦૦/– સુધીનાં તેમજ આ કચેરીના સરખા પરિપત્ર ક્રમાંક તા.૧૭–૪–૦૭માં ઉલ્લેખ કરેલ ૨૭ હેતુ માટેના ચૂકવણાં કરી શકાય છે પરંતુ તેનાથી ઉપરની રકમ માટે નાણા વિભાગના અધિકારપત્રની આવશ્યકતા રહે છે તથા ***નાણા પંચના બીલો ઉક્ત મર્યાદાથી વધતાં હોય તો પણ નાણા વિભાગની મંજૂરીની આવશ્યકતા રહે છે. અત્રેના તા.૧૨–૨–૦૭ના પરિપત્ર–૩ રદ ગણવાનો રહેશે.***

ઉક્ત બાબતે પ્રવર્તમાન ટ્રેઝરી કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમમાં જરૂરી સોફટવેર ડેવલપ કરી ઘટિત સુધારા કરવામાં આવેલ હોઈ તિજોરી કચેરી / પગાર અને હિસાબ અધિકારીશ્રીઓની કચેરીઓમાં કાઉન્ટર ઉપર જયારે પણ બીલ / L.O.C. Cheques રજુ થાય તે તમામને ઉક્ત વિગતે બીલ લેતી વખતે વર્ગીકૃત કરવાના રહે છે. જેથી નાણા વિભાગને સમયાંતરે આપવાની થતી માહિતી નિયત નમુનામાં પુરી પાડી શકાય. આ બાબતે નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે.

- ❖ કમાઉન્ટર ઉપર રજુ થતાં તમામ બીલ / L.O.C. Cheques લેતી વખતે બીલની ઉપર exempted / non-exempted તે રીતે એન્ટ્રી કરવાની રહે છે.
- ❖ exempted ના કિસ્સામાં માસ્ટરમાંથી કયા હેતુ માટે છે તે નંબર એન્ટર કરવાનો રહેશે.
- ❖ L.O.C. Cheques માં પણ ઉપર મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
- ❖ સંબંધકર્તા ઓડીટરે પણ ઉપર exempted / non-exempted તથા તેના નંબરની ઓડીટ ચકાસણી કરવાની રહેશે.
- ❖ સંબંધકર્તા જિલ્લા તિજોરી અધિકારીઓ / પગાર અને હિસાબ અધિકારીશ્રીઓએ ઉક્ત બાબત અંગે સંબંધકર્તા ઓડીટરશ્રીની તથા કાઉન્ટર ઉપર કામ કરતાં કર્મચારીશ્રીની તાત્કાલિક એક મીટીંગ આયોજીત કરીને ઉક્ત સુચનાઓ વિશે સમજુતી આપવાની રહેશે.
- ❖ આ બાબતે વધુ સ્પષ્ટતાની આવશ્યકતા જણાય તો ઈ.ડી.પી.સેલના શ્રી ડી.એસ.શાહ, સીસ્ટમ એનાલીસ્ટ અને શ્રી ટી.સી.ઠાકોરનો ટેલીફોન નં.૨૩૨૫૬૩૩૮ / ૨૩૨૫૬૩૪૨ (ટાટા) સંપર્ક કરવો.

ઉક્ત સુચનાઓનો અમલ ન થવાને કારણે નાણા વિભાગને ખોટી માહિતી પુરી પડાશે તો, તે અંગેની જવાબદારી સંબંધકર્તા કચેરી વડાની રહેશે.

કરેલ કાર્યવાહીનો અહેવાલ ઉલટ ટપાલે મોકલી આપવો.

**નિયામક.**

**પ્રતિ,**

(૧) સંયુક્ત નિયામકશ્રી, ઈ.ડી.પી. સેલ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર.
(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ/ગાંધીનગર.
(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, (તમામ).